તેના નિષ્ણાંતો પાસે કરેલ/કરાવેલ છે. તેમજ હમો બીજા પક્ષના દ્વારા સ્થળે તે મુજબનુ બાંધકામ તેમજ તેમા ફેરફાર કરવામાં આવેલ છે તે પણ તમો પહેલા પક્ષનાએ તપાસી લીધેલ છે અને તમો પહેલા પક્ષનાઓ તેનાથી સંતુષ્ટ થયેલ છે અને તે તમો પહેલા પક્ષનાઓએ કબુલ અને મંજુર રાખેલ છે.

હમો વેચાણ આપનારે સદરહુ મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે, મજકુર મિલકત અંગે કોઇ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઇ કામગીરી બાકી નથી, તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવી લઇને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે, નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે સંપુર્ણ રીતે પરીપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા વપરાશમાં લેવામાં આવેલ તમામ માલ-સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવત્તા વાળા છે અને તે બાબતે સંપુર્ણ રીતે સંતોષકારક માલુમ પડેલ છે. અને તે બાબતે તમો પહેલા પક્ષનાને કોઇપણ પ્રકારની ફરીયાદ તકરાર નથી અને તે તમો પહેલા પક્ષનાએ તમામ બાબતો, કબુલ, મંજુર રાખેલ છે સહિ.

બીજા પક્ષનાએ સદરહુ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત તથા તેને લગતા તમામ કામો જેવા કે ચણતર, પ્લાસ્ટર, આર.સી.સી. કામ, પ્લમ્બીંગ કામ, ફ્લોરીંગ કામ, રેલીંગનું કામ, ટાઈલ્સ કામ, ઈલેકટ્રીકલ કામ, સેનેટરી કામ, ડ્રેનેજ કામ, લીફ્ટો તથા તેની કંપની, બેકઅપ ઈલેકટ્રીસીટી સપ્લાયનું કામ, તમામ દિવાલોનું કામ, તમામ ટાઈલ્સ ડેડો, બાથરૂમના કામ તથા જરૂર જગ્યાએ આપવામાં આવેલ ઢાળનુ કામ વિગેરે તમામ કામોની ચકાસણી તમો પહેલા પક્ષનાએ જાતે તથા જે તે બાબતના નિષ્ણાંત જાણકારી ધરાવનારા ઈસમો દ્વારા કરી-કરાવી લીધેલ છે અને તે તમામ કામની ગુણવત્તા, તમામ કામનું લાઇન લેવલ, કારીગરી તથા તે તમામ કાર્યો કરવા માટે વાપરવામાં આવેલ તમામ જરૂરી સાધન-સામગ્રીની કવોલીટી તથા તેની કંપની વિગેરે તમામની ચકાસણી તમો પહેલા પક્ષનાએ કરી-કરાવી લીધેલ છે અને તે તમામથી તમો પહેલા પક્ષનાને સંપૂર્ણપણે સંતોષ થયેલો છે. અને તમામ બાબતો, કબુલ, મંજુર રાખેલ છે. તમામ કામો યોગ્ય હોવાનુ જણાયા બાદ જ પહેલા પક્ષનાએ કબજો સ્વીકારેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં સહી મત્તા કરેલ છે.

બીજા પક્ષનાએ વેચાણ આપેલ સદરહુ મિલ્કત તથા તેને લગતી કોમન એમીનીટીઝની તમામ બાબતોની જાળવણી તમો પહેલા પક્ષનાએ સારામાં સારી રીતે કરવાની રહેશે તેમજ જરૂરી એન્યુઅલ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપી સમયે-સમયે જાળવણી મરામત કરાવવાની રહેશે અને બીજા પક્ષનાની સદરહુ કામો / ચીજોની યોગ્ય જાળવણી ન કરવાને કારણે અથવા ખોટી રીતે જાળવણી કરવાના કારણે અથવા તમો પહેલા પક્ષના ધ્વારા સદરહુ કામોને નુકશાન થાય તેવી રીતે અન્ય કાર્યો કરવાથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત કે તેના કોઈપણ ભાગને કે કોમન સુવિધાઓને નુકશાન થાય તો તે અંગે હમો બીજા પક્ષકારની કોઈપણ જવાબદારી રહેશે નહીં.

સબંધીત સ્થાનિક સત્તા મંડળ અથવા સુરત મહાનગરપાલિકાના નિયમો, સોસાયટીના નિયમો, પેટા નિયમો/વિનિયમો વિરૂધ્ધ હોય તેવુ કોઈ કૃત્ય તથા તોડફોડનું કોઈ કૃત્ય પહેલા પક્ષનાએ મજકુર બિલ્ડીંગમાં કરવા-કરાવવાનું નથી. પહેલા પક્ષના દ્વારા બિલ્ડીંગના સ્ટ્રકચરને નુકશાન થાય તે રીતે તોડફોડ કરી કોઈપણ પ્રકારના આંતરીક ફેરફાર તેમજ બાહય એલીવેશનમાં ફેરફાર થાય તેવી રીતના કોઈપણ ફેરફાર, તોડફોડ કે વધારાનાં બાંધકામ કરવા કરાવવાના નથી. મજકુર બિલ્ડીંગના પેસેજો, માર્જીન, પાર્કિંગ, ટેરેસ કે અન્ય કોઈ ખુલ્લી જગ્યામાં કોઈપણ પ્રકારનો વધારાનો માલ સામાન, ભંગાર, ખાટલા-ગાદલા ગોદડા, પાઈપો, પૂંઠાના બોકસ, કુંડા વિગેરે મુકવાના નથી અને જો આવુ કોઈપણ કૃત્ય કરવામાં આવશે તો હમો બીજા પક્ષના સામે ડીફેકટ લાયાબીલીટીઝ અંગેનો કોઈપણ કલેમના પહેલા પક્ષનાના હક્કો સંપૂર્ણ પણે જતા રહેશે.

પહેલા પક્ષનાએ કબજો લેતા પહેલા લીફટ તથા વાયરીંગ, ઇલેકટ્રીક મોટરો, ઇલેકટ્રીક જનરેટર સબસ્ટેશન, પાણીના પંપ વિગેરે તે તમામ એસેસરીઝની ગુણવત્તા કારીગરી, વર્કિંગ કન્ડીશન વિગેરેની ચકાસણી કરી લીધેલ છે. પાર્કીંગ, ગાર્ડન, કોમન તમામ ફેસીલીટીઓ સારી ડેવલોપ કરી આપેલ છે અને પહેલા પક્ષનાને કોઈપણ કામમાં કોઈપણ પ્રકારની ખામી જણાયેલ નથી. જે હાલમાં સંપૂર્ણપણે કાર્યરત છે જેને સમયાંતરે ચેક કરી-કરાવી તેને હરહંમેશને માટે કાર્યરત રાખવાની રહેશે તેવી સ્પષ્ટ સુચના તમો પહેલા પક્ષનાને હમો બીજા પક્ષનાએ આપેલ છે.

સદરહુ મિલકતનો તમો પહેલા પક્ષનાને કબજો સુપ્રત કર્યેથી અથવા તે અંગેનુ કમ્પ્લીશન સર્ટીફીકેટ / બીયુસી આવ્યાની તારીખેથી જે તારીખ પહેલી હોય તેના ૫ વર્ષના સમય ગાળા દરમ્યાન બિલ્ડીંગમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા અંગેની

કોઈ ખામી તમો પહેલા પક્ષના, હમો બીજા પક્ષનાના ધ્યાને લાવો, અને તે ખામી તમો પહેલા પક્ષનાના કારણે અથવા મેઈન્ટેનના અભાવે ઉત્પન્ન થયેલ ન હોય તો તેવી ખામી હમો બીજા પક્ષનાએ શકય હોય ત્યાં સુધી દુર કરી આપવાની રહેશે. પરંતુ તે અનુસંધાને તમો પહેલા પક્ષનાની અન્ય કોઈ માલ મિલ્કત, ફર્નિચર, કલર, યંત્ર, ઈલોકટ્રોનીકસ સામાન કે ફીનીશીંગ મટીરીયલને નુકશાન થયેલ હોય તે રીપેર કરાવવાની કે વળતર આપવાની જવાબદારી હમો બીજા પક્ષનાની રહેશે નહીં અને આવી ખામી દુર કરવાનું શકય ન હોય તો પહેલા પક્ષના આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે, પરંતુ આવી ખામીઓ માટે બીજા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા તો આવી ખામીઓ માટેનું કારણ બીજા પક્ષનાનાં નિયંત્રણ બહાર હોય, એવી કોઈપણ માળખાગત ખામી, કારીગરી અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા પહેલા પક્ષના કે તેના થકીના કોઈપણ ઈસમ ધ્વારા ઉત્પન્ન થયેલ ખામી માટે તથા તમો પહેલા પક્ષના કે તમો થકી અન્ય કોઈપણ ઈસમ ધ્વારા બદઈરાદે કરાયેલ ખોટી ફરીયાદના કારણે બીજા પક્ષના પહેલા પક્ષનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહીં કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવા બીજા પક્ષનાની કોઇ જવાબદારી રહેશે નહીં.

સદરહુ મિલકતમાં તમો પહેલા પક્ષના અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઇપણ ફેરફાર કરવા-કરાવવાનો નથી તેમજ ટોઇલેટ કે બાથરૂમમાં એસીડ કે ફલોરીંગ સફાઇ કેમીકલ વાપરવા નહી અને જો વાપરવાથી પાણી કે અન્ય લીકેજની તકલીફ ઉભી થાય તો તે અંગેની સંપુર્ણ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે. તેમજ એસી કે અન્ય કોઇપણ પ્રકારના આર.સી.સી. કામ, બીમ / કોલમ / સ્લેબ / દિવાલ / પીલર / ફલોરીંગ / આર.સી.સી. પરદી, દાદર અને કોમન પેસેજમાં તોડફોડ, સળીયા કટીંગ કે હોલ કટીંગ, કોર કટીંગ કરાવવા નહી અને તેમાં કોઇપણ પ્રકારની સ્ટ્રકચરલ ખામી ઉદ્ભવે કે બાંધકામની ગુણવતામાં કોઇપણ ખામી ઉદ્ભવે તેવા કોઇ કુત્યો તમો પહેલા પક્ષનાએ કરવા-કરાવવાના નથી. તેવા કોઇપણ મોટા ફેરફાર કરવા પડે તો બીજા પક્ષનાની યા સોસાયટીની તથા સદરહું પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયરની લેખીત પરવાનગીથી કરવાના રહેશે, અને જો તેમ કરવામાં પહેલા પક્ષના કસુર કરે તો તે અંગેની તમામ નુકશાની પહેલા પક્ષનાએ ભોગવવાની છે સહી, અને તે અંગેની તમામ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી અને હમો બીજા પક્ષનાઓ તથા પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયરની લેખીત પરવાનગી વિના તમો પહેલા પક્ષનાઓ દ્વારા કે અન્ય ફલેટ હોલ્ડરો દ્વારા તેવા કોઇ કારણે જો બિલ્ડીંગના સ્ટ્રકચર,

બાંધકામમાં ખામી ઉત્પન્ન થાય તો તેમા હમો બીજા પક્ષનાઓની કોઇ જવાબદારી રહેશે નહી.

મજકુર વેચાણ આપવા નકકી કરેલ મિલકત, સમગ્ર ઇમારતના એક હિસ્સો છે અને તે ઇમારતમાં આવેલ દુકાન/ફલેટસ/યુનિટસ વિગેરેની બધી બાજુ, આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર દિવાલો/ સંયુકત/સહિયારી આવેલી હોવાથી, મજકુર મીલકતનો કબજો, તમો પહેલા પક્ષનાને સુપ્રત કર્યા બાદ, તમો પહેલા પક્ષના, મજકુર મિલકત કે સમગ્ર ઇમારતના આર.સીસી. ફ્રેમ સ્ટ્રકચર, દિવાલો, ફલોરીંગ, વોટર-ડ્રેનેઝ લાઇન તેમજ ફીટીંગ્સ, ઇલેકટ્રીકલ લાઇનો, કેબલ વગેરેને નુકશાન થાય તે પ્રકારની કોઇપણ તોડ-ફોડ, ફેરફાર, સુધારો- વધારો, હમો બીજા પક્ષના તથા હમારા પ્રોજેકટના આર્કીટેકની લેખીત પુર્વ મંજુરી વિના કરી/કરાવી શકશો નહી. તદ્ઉપરાંત તમો પહેલા પક્ષના તેમજ અન્ય દુકાન / ફલેટ હોલ્ડર્સ, સંયુકત કે સ્વતંત્ર રીતે મજકુર **॥ શિવાલીક કેન્ડલ ॥** ની ઇમારતના કલર, એલીવેશનમાં કોઇપણ પ્રકારની ગ્રીલ-જાળી-છજુ વિગેરે લગાવી શકશો નહી. પ્રિડીફાઇન સ્થળ સિવાય અન્ય કોઇપણ સ્થળ ઉપર વીંડો એ.સી. યુનિટ અને/અગર સ્પ્લિટ એ.સી. આઉટર યુનિટ લગાડી શકશો નહી, ડીશ એન્ટેના લગાડી શકશો નહી, કપડા સુકવવાની દોરી, વાયર, જાળી કે અન્ય કંઇપણ લગાડી શકશો નહી, મુકી શકશો નહી તેમજ બિલ્ડીંગના અગાસી ઉપર તેમજ બિલ્ડીંગની બહારની બાજુ તથા પરિયોજના માર્જીન, સી.ઓ.પી., કમ્પાઉન્ડમાં કોઇપણ નામની તકતી, સાઇન બોર્ડ, જાહેરાત અથવા જાહેર ખબર લગાડી શકશે નહી તે તમામ બાબતોની તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને તેને કબુલ મંજુર રાખેલ છે સહી.

કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પુર, આગ, વાવાઝોડુ, વિગેરે તથા માનવસર્જિત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો, યુધ્ધ, આગજની, બાંધકામમાં સુધારો-વધારો-ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વિગેરેને નિયંત્રિક કે અનિયંત્રિક કોઇપણ કારણોસર ઇમારત, મિલકત, બાંધકામ, જીવંત વ્યકિત, ચીજ વસ્તુઓ વિગેરેને નુકશાન થાય, ઇજા-મુત્યુ થાય, નાશ પામે તો તે અંગે હમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થિક ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી, જે અંગે તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ સ્વીકાર કરીને કબુલ મંજુર રાખેલ છે સહી.

સદરહું બિલ્ડીંગમાં આવેલ કોઇપણ યુનિટમાં ચાલતા ફર્નીચરનાં કામ દરમ્યાન કોઇપણ એજન્સીએ લીફટનો ઉપયોગ સોસાયટી નકકી કરે તે શરતોને આધીન અને તેમની સંમતીથી કરવાનો રહેશે, ફર્નીચર પોતાની મિલકતમાં જ કરવાનું રહેશે, તે સિવાય પેસેજમાં

કે કોમન એરીયામાં કામ કરવાનું નથી, ફર્નીચર કામ ચાલુ કરાવતા પહેલા તમામ નળ, સીંક, ઇલેકટ્રીકસ સ્વીચ બોર્ડ, તેમજ હાર્ડવેર મટીરીયલ જેવા કે લોક, સ્ટોપર, વિગેરે કપડા કે કોથળીથી ઢાંકવાનાં રહેશે, તેમજ ફલોરીંગને રબરશીટ કે પી.ઓ.પી.થી ઢાંકવાનાં રહેશે, તેમજ કોઇપણ જાતના માલ-સામાન ચડાવતા કે ઉતારતા કોમન પેસેજ કે દાદર કે અન્ય જગ્યાએ નુકશાન થાય તો તેનો રીપેરીંગ/કલરકામ, સફાઇ કરાવવાની જવાબદારી જે તે યુનિટ હોલ્ડર્સની રહેશે.

સદરહુ મિલકતનો ઉપયોગ તમોને ફકત જે હેતુ માટે વેચાણથી આપેલ છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે, યાને કે દુકાન વેચાણથી આપેલ હોય તો તેણે કાયદેસરના વાણીજયના હેતુ માટે તેમજ રહેણાંકના ફલેટ વેચાણથી આપેલ હોય તેમણે માત્ર રહેણાંકના હેતુ માટે જ સદર મિલકતનો ઉપયોગ કરવાનો રહેશે. સદરહુ મિલકતમાં એવા કોઇપણ પ્રકારના માલસામાન કે જે વિસ્ફોટક હોય, હાનિકારક હોય, પર્યાવરણને નુકશાનકારક હોય, વધુ વજનદાર હોય કે જેનાથી ધ્રુજારી ઉત્પન્ન થાય અને બિલ્ડીંગના સ્ટ્રકચરને નુકશાન કરે યા તો સોસાયટી / સર્વિસ સોસાયટી દ્વારા પ્રતિબંધીત હોય કે કરવામાં આવે તેવી કોઇપણ પ્રકારની મશીનરીનો ઉપયોગ કરવાનો નથી સદરહુ બિલ્ડીંગમાં જે કોમન પેસેજ આવેલ છે તે પેસેજો ખાલી રાખવાના રહેશે તેમજ પેસેજમાં કોઇપણ હોલ્ડર્સે કોઇપણ પ્રકારની વસ્તુઓ મુકવાની નથી. તેમજ બિલ્ડીંગને કે તેમાં આવેલ ફલેટના કોઇ ભાગને લગતા કોઈપણ વીમા ને રદ અથવા રદ થવાને પાત્ર ઠરાવે અને જેનાથી વીમાના સંદર્ભમાં વધારે પ્રિમીયમ ચુકવવાને પાત્ર બને તેવુ કોઇ કામ પહેલા પક્ષનાએ કરવા-કરાવવાનુ નથી ને જો આવુ કોઇ કૃત્ય પહેલા પક્ષના કરશે તો ખર્ચ સહિતની સંપુર્ણ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે.

મજકુર **।। શિવાલીક કેન્ડલ ।।** બાબતે એસોશીએશન કે સર્વિસ કો.ઓ. સોસાયટીની રચના કરવાની રહેશે અને તેમાં તમો પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને મજકુર સોસાયટી કે એસોશીએશન જે કાંઇ ઇમારતના તથા રાસુકી સગવડો, સુવિધાઓના વપરાશ તથા સમારકામ બાબતે, તેના ખર્ચ તથા મેઇન્ટેનન્સ બાબતે, મિલકતના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સિકયુરીટી બાબતે, પાર્કિંગ બાબતે, વખતોવખત જે કાંઇ નીતી-નિયમો ઠરાવો તેમજ બાયલોઝ તૈયાર કરે તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ હમો બીજા પક્ષનાઓ દ્વારા સદરહુ **।। શિવાલીક કેન્ડલ ।।** પ્રોજેકટ સબંધે ઇલેકટ્રીકટ કનેકશન, એરપોર્ટ ઓથોરીટી કલીયરન્સ, લીફટ સેફટી- લીફટ મેઇટેનન્સ, ફાયર સેફટી- મેઇટેનન્ટ, સુકા-ભીના કચરા નિકાલ, તેના મેઇટેનન્સ વિગેરે માટે જે કાઇ પરવાનગી જે તે શરતોને આધિન મેળવવામાં આવેલ હોય, તેની તમામ શરતોનુ

તમો પહેલા પક્ષનાઓએ સંપુર્ણપણે પાલન કરવાનુ રહેશે, અને જે તે એજન્સીનો કોન્ટ્રાકટ પુર્ણ થયે અગર પરવાનગી પુર્ણ થયેથી, સ્વ-ખર્ચે તમો પહેલા પક્ષનાઓએ અગર સોસાયટી / એસોસિએશને તેવી પરવાનગી / કોન્ટ્રાકટ રીન્યુ કરાવી લેવાનો રહેશે સહિ.

સદરહુ પરીયોજનાની બિલ્ડીંગમાંના તમામ હોલ્ડરોનો બિલ્ડીંગમાંની તળની જમીનમાં વણવહેચાયેલ હિસ્સો ચાલી આવેલ છે તેમજ મિલકત જે ઇમારતમાં આવેલ છે તે ઇમારતમાં મુકવામાં આવેલ સહીયારી સગવડો, જેવી કે એન્ટ્રાન્સ, રીસેપ્શન એરીયા, વેઇટીંગ એરીયા, દાદર, કોમન પેસેજ, પાર્કીંગ, સીકયુરીટી કેબીન, કોમન ઇલેકટ્રીકલ ઇન્સ્ટુમેન્ટસ તથા ઇલેકટ્રીકટ કનેકશનો તથા મીટરો, લીફટસ, ફાયર સેફટીના ઇન્સ્ટુમેન્ટસ, ડ્રેનેજ લાઇનો, પાણીની લાઇનો, ઓવરહેડ તથા અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીઓ, જનરેટર, બિલ્ડીંગ આઉટલુક એલીવેશન, ગ્લાસ એલીવેશન અને કમ્પોઝીટ પેનલ, સુકા-ભીના કચરાની વ્યવસ્થા તેમજ સી.ઓ.પી., તથા કોમન ખુલ્લુ / કવર્ડ પાર્કીંગની જગ્યા વિગેરે રાસુકી સગવડોના ઉપયોગ સહીયારો કરવાનો રહેશે અને તેનો તમામ પ્રકારનો નિભાવ તથા જાળવણી બાબતે જે ખર્ચ થાય તે પરીયોજનાના તમામ હોલ્ડરોની સાથે તમો પહેલા પક્ષનાએ તમારા ફાળે પડતો ચુકવવાનો / ભોગવવાનો રહેશે સહિ. જો તમો પહેલા પક્ષના તેમ કરવામાં કસુર કરશો તો સોસાયટીના વહીવટકર્તા/એજન્સી તમો પહેલા પક્ષના સામે કાયદેસરની કાર્યવાહી કરી શકે તથા તમારા દુકાન/ફ્લેટના લાઇટ, પાણી, ડ્રેનેજ વિગેરે કનેકશનો કાપી શકશે સહી. જયા સુધી તેવી સર્વીસ સોસાયટી બને નહી ત્યા સુધી તેવી સુવિધાઓ અંગેના તમારા ભાગે પડતા ખર્ચની રકમ તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને ચુકવવાની રહેશે સહિ. વધુમાં હમો બીજા પક્ષનાની માલીકી/ કબજામાં હોય તથા વેચાણ બાકી હોય તેવા તમામ ફલેટો/દુકાનોમાં કોઇ પણ જાતનો મેઇન્ટેનન્સ કે નિભાવ ખર્ચ તેમજ ટ્રાન્સફર ફી, સોસાયટી/એ.ઓ.પી./ એસોસીએશન લાગુ પાડી ઉઘરાવી શકશે નહી. અને સોસાયટીની રચના થયેથી મેન્ટેનન્સ અંગેની જે બેલેન્સ જમા હમો બીજા પક્ષનાઓ પાસે હોય તે સોસાયટીને સુપ્રત કરી આપવાની રહેશે અને જો લેણી નિકળતી હોય તો સોસાયટીએ હમો બીજા પક્ષનાને ચુકવવાની રહેશે સહિ. જે તમો પહેલા પક્ષનાએ રાજીખુશીથી સ્વીકારેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં સહી કરેલ છે.

સદરહું બિલ્ડીંગનું સમારકામ સ્ટ્રકચર ડીઝાઇનર પાસે ચેક કરાવી તેમની સુચના મુજબ કરાવવાનું રહેશે, તેમજ વરસાદના પાણીથી બોરવેલ રી-ચાર્જીંગ કરી શકાય તે હેતુ ચોમાસાની શરૂઆત પહેલા રી-ચાર્જીંગ સીસ્ટમ સર્વિસ કરાવી લેવાની રહેશે. **ા શિવાલીક કેન્ડલ ા** ના તમામ સભ્યોને લાગુ પડતા વ્યકિતગત તેમજ સામુહિક રીતે હમો તરફથી

સુચવેલા, તેમજ સોસાયટી દ્વારા નકકી કરાયેલા અને સરકારે જાહેર કરેલા નિયમો અને વિવિધ પરવાનગીઓમાંની શરતોનું પાલન કરવાનું રહેશે. જેનું ઉલ્લંઘન કર્યે જે તે સભ્ય અને સોસાયટી જવાબદાર રહેશે.

હમો બીજા પક્ષના દ્વારા **।। શિવાલીક કેન્ડલ ।।** ના પ્રોજેક્ટમાં હાલના સરકારશ્રીના તથા સુરત મહાનગરપાલિકાની જોગવાઈઓ અનુસાર જરૂરી પાર્કિંગનું આયોજન કરેલ છે જે ''બિલ્ડીંગ'' માં આવેલા પાર્કિંગનો ઉપયોગ માત્ર મોટરસાયકલ કે કાર પાર્ક કરવા માટે જ કરવાનો રહેશે. ભવિષ્યમાં કાર, ટુ-વ્હીલર પાર્કિંગની ફાળવણી બાબતે ખરીદનારાએ વેચનારા સામે કે અન્ય કોઈપણ સામે કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ કરવાનો નથી અને ભવિષ્યમાં તમો પહેલા પક્ષના તેવો કોઈ વાંધો-વિરોધ કરો/કરાવો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહિ ગણાય સહિ અને રહેશે સહિ. હાલ સ્થળે જે પાર્કિંગ આવેલ છે તે તમોએ જોઈ, તપાસી લીધેલ છે. જેથી કોઈપણ પ્રકારનુ વધારાનું પાર્કિંગ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણથી કે ફાળવણીથી આપવાનું કે ફાળવવાનું રહેતુ નથી. પાર્કિંગ બાબતે કેમ્પસમાં પહેલા પક્ષનાની મુનસફી પ્રમાણે કાર / ટુ વ્હીલર પાર્ક કરવાના નથી. પરંતુ સોસાયટીના મેમ્બરો તથા દરેક ફલેટ હોલ્ડરો નક્કી કરે તે જગ્યાએ તે મુજબ જ ગાડીઓનુ પાર્કિંગ કરવાનું છે જે બાબતે તમો ખરીદનારા સંમત થયેલ છો અને ફલેટ/દુકાનનો કબજો રાજીખુશીથી સ્વીકારેલ છે.

તમોને વેચાણ આપેલ સદરહુ ફલેટ/દુકાનની અંદરના તથા બહારના તમામ કામો તથા સગવડતાઓ તમો ખરીદનારે તપાસી લીધા બાદ સદરહુ મિલકતનો કબજો હમો બીજા પક્ષના કનેથી સ્વીકારેલ છે અને તેમાં હમો વેચાણ આપનારાઓએ કરેલ ફેરફાર જેવા કે રોડ, ગાર્ડન, પાર્કીગ તથા અન્ય સુવિધાઓના સ્થળમાં જરૂરીયાત મુજબના ફેરફાર તમો ખરીદનાર યાને પહેલા પક્ષનાને સમજાવેલ છે. તદ્ઉપરાંત તમામ સભ્યોની વધુ સુખાકારી માટે હમો બીજા પક્ષનાએ પાર્કિંગ સહીતની જે કંઈપણ કોમન સુવિધાઓ બનાવી આપેલ છે તે પ્લાનીંગની જરૂરીયાત મુજબ તેમજ તમામ સભ્યોની વધુ સુખાકારી માટે છે, જે તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસી સંમતિ આપેલ છે. જેથી ફેરફાર બાબતે પણ તમો ખરીદનારાઓ સંમત થયા છો અને ખુશી વ્યકત કરી કબુલ, મંજુર રાખેલ છે. આમ, તમો ખરીદનારે સમજી, વિચારી, સંમત થઈ અને ત્યારબાદ જ ફલેટ/દુકાન ખરીદ કરેલ છે અને તેનો કબજો સ્વીકારેલ છે. આમ તમો ખરીદનારાએ ફલેટ/દુકાન તથા કોમન સુવિધાઓના માપ બાબતે, ફેરફાર બાબતે કે અન્ય કોઈપણ બાબતે ભવિષ્યમાં વાંધા-વિરોધ કે દર-દાવો કરવાનો નથી તે શરતે આ મિલકત તમોએ ખરીદ કરેલ છે. તેમ છતાં ભવિષ્યમાં વાંધા, વચકા, દર-દાવા કે કોર્ટ કેસ

તમો ખરીદનાર કરો-કરાવો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી. હમો બીજા પક્ષનાએ કોમન સુવિધાઓનો કોઈ પણ જાતનો વેચાણ અવેજ તમો પહેલા પક્ષના કનેથી સ્વીકારેલ નથી.

સદરહું મિલકતવાળા બાંધકામની બી.યુ.સી. પરવાનગી મળ્યા બાદ સદરહું મિલકતનાં એફ.એસ.આઇ., વધારાની એફ.એસ.આઇ. તથા ટેરેસનાં હકકો બીજા પક્ષનાનાં રહેશે નહિ. અને આ તમામ હકકો સર્વિસ સોસાયટીનાં (Association of Allottee) રહેશે.

સદરહું મિલકત અંગેના તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓનાં વેરા, ટેક્ષ, વેટ, મ્યુનિસીપલ વેરા, શિક્ષણ ઉપકર વિગેરે તમામ પ્રકારનાં વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ, ભરપાઇ કરવામાં આવેલ છે. મજકુર મિલકત અંગેનાં હવે પછીના તમામ સરકારી વેરાઓ, મ્યુનિસીપલ વેરા, શિક્ષણ ઉપકર, બેટરમેન્ટ ચાર્જીસ વગેરે તમામ પ્રકારનાં વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ તમો પહેલા પક્ષનાઓએ ભરપાઇ કરવાના રહેશે સહી તેમજ સદરહુ મિલકતની નકકી થયેલ વેચાણ અવેજની રકમમાં ઇલેકટ્રીક મીટર માટેના ગુજરાત વિધુત બોર્ડના તમામ ચાર્જીસ (કેબલ ચાર્જીસ, મીટર ચાર્જીસ, ટ્રાન્સફોર્મર, કોન્ટ્રાકટ અન્ય વિગેરે), ગુજરાત ગેસ કંપનીની ગેસ લાઇનના તમામ ચાર્જીસ (પાઇપલાઇન ચાર્જીસ, મીટર ચાર્જીસ), સુરત મહાનગપાલીકાનાં પાણીલાઇનના મીટરના તમામ ચાર્જીસ (પાઇપલાઇન ચાર્જીસ, મીટર ચાર્જીસ) જમીન મહેસુલ, એફ.એસ.આઇ. નાં નાણાં, આઇ.સી. ના નાણાં, સોસાયટીના મેઇન્ટેનન્સ, મેઇન્ટેઇન ચાર્જ, સોસાયટી ફોરમેશન ચાર્જ, લીગલ ડોકયુમેન્ટ, લીગલ ફાઇલ ચાર્જીસ, ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ વિગેરેનો સમાવેશ થતો નથી, જેના ખર્ચ / નાણાં તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના યાને વેચનારાઓને અલગથી ચુકવવાના રહેશે.

સદરહું મિલકત હાલ રેકર્ડ ઓફ રાઇટસ દફતરે, જી.ઇ.બી./ઇલે.કંપની દફતરે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનનાં દફતરે, ગુજરાત ગેસ કંપની લિમીટેડનાં દફતરે હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારનાં નામે ચાલે છે. જેમાં તમો પહેલા પક્ષના તમારૂ નામ સદરહું મિલકતનાં માલિક, મુખત્યાર, ધણી અને કબજેદાર તરીકે દાખલ કરી-કરાવી શકો સહી, તેમજ તેવી વિધીમાં હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારાની જયાં-જયાં સહી, સંમતી, હાજરી, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં-ત્યાં હમોએ સહી, સંમતી, હાજરી, કબુલાત વિગેરે વિના વિલંબે વિના તકરારે આપવાની રહેશે અગર આ દસ્તાવેજની રૂએ પણ હમો બીજા પક્ષનાની યાને વેચાણ આપનારની કબુલાત માની લઇ તમો સદરહું મિલકતનાં હરકોઇ

યોગ્ય રેકર્ડમાં તમારૂ નામ દાખલ કરી-કરાવી શકો સહિ. સદરહુ મિલકત અંગેના જે તે દફતરે હમો બીજા પક્ષનાનું નામ કમી કરાવી તમો પહેલા પક્ષનાનુ નામ દાખલ કરાવવા અંગે તમો પહેલા પક્ષના દ્વારા કસુર થયે ભવિષ્યમાં જે કાંઇ સરકારી અર્ધ સરકારી દંડ યા ભરણા યા બિલ ભરવાના આવે તો તેની જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

સદરહુ ઇમારતમાં ઇલેકટ્રીક લાઇનો, ઇન્ટરનેટ કેબલ, કેબલ કનેકશન તથા ટેલીફોન લાઇનો તેમજ એરકન્ડીશન વિગેરે બાબતે હમો તરફથી સુચવેલ, તેમજ સોસાયટી તરફથી નકકી કરવામાં આવે તેવી જગ્યામાંથીજ પસાર કરી તમોને વેચાણથી આપેલ સદરહુ મિલકત સુધી લાવવા- લઇ જવાના રહેશે.

બંને પક્ષનાઓ વચ્ચેના કોઈપણ વિવાદનુ સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. જો કોઈ પણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો રીયલ એસ્ટેટ એકટ, ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને સત્તા મંડળને મોકલવાની રહેશે.

આ કરારની કોઇપણ જોગવાઇ રેરા કાયદા અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિમયો હેઠળ લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનુ નકકી કરવામાં આવે તો, આવી જોગવાઇઓ, તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઇઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

હમો બીજા પક્ષના **॥ મે. શિવાય બિલ્ડકોર્પ ॥** નામની ભાગીદારી પેઢીનું જરૂરી રજીસ્ટ્રેશન કરાવેલ છે અને સદર વેચાણ દસ્તાવેજ કરી આપવા તથા સહી મતુ કરવા, તેમજ કબુલાત આપવા, રજીસ્ટ્રેશન માટે રજુ કરવાની સત્તા/અધિકાર મજકુર **॥ મે. શિવાય બિલ્ડકોર્પ ॥** નામની ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો તરીકે **ભાવેશકુમાર નાગજીભાઇ ખીમાણી** તથા **શશીકાંત દાનકુમાર કુશવાહ**ની સંયુકત સહીથી કરવા અંગે સત્તા આપવામાં આવેલ છે.

સદરહુ તમોને વેચાણ આપેલ મિલકત અંગેના વેચાણ દસ્તાવેજ માટે કરવામા આવેલ તમામ ખર્ચ જેમ કે સ્ટેમ્પ પેપર, રજી. ફી, ટાઇપીંગ ફી, વકીલ ફી વિગેરે તમામ ખર્ચાઓ તમો પહેલા પક્ષનાએ કરેલ છે. તેમજ ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની નીકળી આવે તો તે તમો પહેલા પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે સહી.

<u>-:: પરિશિષ્ટ-૧ ::-</u>

<u>-: પ્રોજેકટ/પરિયોજના વાળી જમીનની વિગત :-</u>

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ મજુરા તાલુકાનાં **મોજે ગામ : ભીમરાડ**ના રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧ કે જેનો **બ્લોક નંબર : ૧૩૬** કે જેનુ ૭/૧૨ મુજબનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૨૯-૩૪ ચો.મી.** છે. કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતા **ટી.પી. સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ)**, **ફાયનલ પ્લોટ નંબર : ૫૩** ફાળવવામા આવેલ અને જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૧૯૦૭ ચો.મી.** ફાળવવામા આવેલ છે તે બિનખેતી (બહુહેતુક ઉપયોગ)ની જમીન.

<u>-:: પરિશિષ્ટ-૨ ::-</u>

<u>-: વેચાણ કરેલ મિલકતની વિગત :-</u>

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ મજુરા તાલુકાનાં **મોજે ગામ : ભીમરાડ**ના રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧ કે જેનો **બ્લોક નંબર : ૧૩૬** કે જેનુ ૭/૧૨ મુજબનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૨૯-૩૪ ચો.મી.** છે કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતા ટી.પી. સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩ ફાળવવામા આવેલ અને જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૧૯૦૭ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીનમાં આયોજીત **।। શિવાલીક કેન્ડલ ।।** ના નામથી રહેણાંક કમ વાણીજયના હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગમાં **........... માળ** ઉપર આવેલ **દુકાન / ફ્લેટ નંબર : ....** વાળી મીલકત કે જેનું કારપેટ એરીયાનુ ક્ષેત્રફળ સુમારે **.......... ચો.મી.,** બાલ્કની તથા વોશ એરીયાનુ કુલ ક્ષેત્રફળ .... ચો.મી., **બીલ્ટઅપ** એરીયાનુ ક્ષેત્રફળ સુમારે **....... ચો.મી.** છે તે મિલકત તથા રાસુકા હકકો સહીતની તેમજ ઈમારત તળેની જમીન તથા કોમન ખુલ્લી જગ્યા, રોડ-રસ્તાની વિગેરેમાં રાસુકા વપરાશની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરના વણ-વહેંચાયેલા હિસ્સાની .... **ચો.મી** જમીન સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદર-બહારના તમામ હકકો સહીતની મીલકત દરોબસ્ત.

॥ શિવાલીક કેન્ડલ ॥ બિલ્ડીંગ ની ચતુરસીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજના લેખમાં હમો બીજા પક્ષનાએ, હમારી રાજીખુશીથી અને સ્વૈચ્છાએ તન-મનની સંપૂર્ણ સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સાંભળી, સમજી, વિચારી, કોઇના કોઇપણ પ્રકારના દાબ - દબાણ કે ધાક - ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે. જે હમોને તથા હમારા વંશવાલી વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે...મતુ, તત્રે...શાખ.

॥ મે. શિવાય બિલ્ડકોર્પ ॥ નામની ભાગીદારી પેઢી
વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો

....

૧. ભાવેશકુમાર નાગજીભાઇ ખીમાણી

....

૨. શશીકાંત દાનકુમાર કુશવાહ **(સાક્ષીઓની સહી)**

મિલકતનો ફોટો :

મોજે ગામ : ભીમરાડના રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧ કે જેનો **બ્લોક નંબર : ૧૩૬** કે જેનુ ૭/૧૨ મુજબનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૨૯-૩૪ ચો.મી.**છે. કે જેનો ટી.પી. સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩ ફાળવવામા આવેલ અને જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૧૯૦૭ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીનમાં આયોજીત **II શિવાલીક કેન્ડલ II** ના નામથી રહેણાંક કમ વાણીજયના હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગમાં **........... માળ** ઉપર આવેલ **દુકાન / ફ્લેટ નંબર : ....** વાળી મીલકત.

વેચાણ આપનારા :
II મે. શિવાય બિલ્ડકોર્પ II નામની ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો

....
૧. ભાવેશકુમાર નાગજીભાઇ ખીમાણી

....
૨. શશીકાંત દાનકુમાર કુશવાહ

વેચાણ રાખનાર :

૧...

૨...

મોજે ગામ : ભીમરાડ, રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧, **બ્લોક નંબર : ૧૩૬,** ટી.પી.સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩, **II શિવાલીક કેન્ડલ II** માં **દુકાન / ફ્લેટ નંબર :** વાળી મિલકત.

<u>**મિલકતનો ફોટો :**</u>

મોજે ગામ : ભીમરાડના રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧ કે જેનો **બ્લોક નંબર : ૧૩૬** કે જેનુ ૭/૧૨ મુજબનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૨૯-૩૪ ચો.મી.**છે. કે જેનો ટી.પી. સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩ ફાળવવામા આવેલ અને જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૧૯૦૭ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીનમાં આયોજીત **ıı શિવાલીક કેન્ડલ ıı** ના નામથી રહેણાંક કમ વાણીજયના હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગમાં **........... માળ** ઉપર આવેલ **દુકાન / ફ્લેટ નંબર : ....** વાળી મીલકત.

<u>**વેચાણ આપનારા :**</u>	<u>**વેચાણ રાખનાર :**</u>
ıı મે. શિવાય બિલ્ડકોર્પ ıı નામની ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો	
....	**૧**...
૧. ભાવેશકુમાર નાગજીભાઇ ખીમાણી	
....	**૨**...
૨. શશીકાંત દાનકુમાર કુશવાહ	

નોંધણી અધિનિયમની કલમ ૩૨-એ મુજબ ફરજીયાત ફોટા તથા અંગુઠાની શાખ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી.

વેચાણ આપનારા :

॥ મે. શિવાય બિલ્ડકોર્પ ॥ નામની ભાગીદારી પેઢી

વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો

(૧) ભાવેશકુમાર નાગજીભાઇ ખીમાણી

સહી...

(૨) શશીકાંત દાનકુમાર કુશવાહ

સહી..

વેચાણ રાખનાર :

શ્રી

સહી..

મોજે ગામ : ભીમરાડ, રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧, **બ્લોક નંબર : ૧૩૬,** ટી.પી.સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩, **॥ શિવાલીક કેન્ડલ ॥** માં **દુકાન / ફ્લેટ નંબર :** વાળી મિલકત.

ાા પરીશીષ્ટ ાા

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ - ૩૪ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ.

ક્રમ	પ્રશ્ન	જવાબ
વેચાણ આપનાર :		
૧	સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ મજુરા તાલુકાનાં **મોજે ગામ : ભીમરાડ**ના રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧ કે જેનો **બ્લોક નંબર : ૧૩૬** કે જેનુ ૭/૧૨ મુજબનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૨૯-૩૪ ચો.મી.**છે. કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતા ટી.પી. સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩ ફાળવવામા આવેલ અને જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૧૯૦૭ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીનમાં આયોજીત **ાા શિવાલીક કેન્ડલ ાા** ના નામથી રહેણાંક કમ વાણીજયના હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગમાં **........... માળ** ઉપર આવેલ **દુકાન / ફ્લેટ નંબર : ....** વાળી મીલકત તમોએ વેચાણ કરેલ છે કે કેમ?	
૨	તબદીલીના લેખમાં દર્શાવ્યા મુજબ કે જેનું કારપેટ એરીયાનુ ક્ષેત્રફળ સુમારે **.......... ચો.મી.,** બાલ્કની તથા વોશ એરીયાનુ કુલ ક્ષેત્રફળ .... ચો.મી., **બીલ્ટઅપ** એરીયાનુ ક્ષેત્રફળ સુમારે **........ ચો.મી.** છે તે મિલકત તથા રાસુકા હકકો સહીતની તેમજ ઇમારત તળેની જમીન તથા કોમન ખુલ્લી જગ્યા, રોડ-રસ્તાની વિગેરેમાં રાસુકા વપરાશની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરના વણ-વહેંચાયેલા હિસ્સાની .... **ચો.મી** જમીન સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદર-બહારના તમામ હકકો સહીતની મીલકત દરોબસ્ત માટે લેખ કરી આપેલ છે?	
૩	તબદીલી લેખમાં જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ તમોને મળેલ છે?	
૪	તબદીલીના લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો કે કેમ?	
૫	તબદીલી લેખમાં વેચાણ આપનાર તરીકે તમે જાતે હોવા બાબતે તમને ઓળખે તેવી વ્યકિતઓ લાવ્યા છો ?	
ઓળખ આપનાર :		
૧	દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેને દસ્તાવેજ લખી આપ્યાની કબુલાત કરી તેઓને તમે ઓળખો છો ?	
૨	દસ્તાવેજ માં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક છે કે કેમ?	
૩	કોઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	

વેચાણ આપનારની સહિ. | **ઓળખ આપનારની સહી**

ાા મે. શિવાય બિલ્ડકોર્પ ાા નામની ભાગીદારી પેઢી
વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો ....

....

૧. ભાવેશકુમાર નાગજીભાઇ ખીમાણી ....

....

૨. શશીકાંત દાનકુમાર કુશવાહ

સહિ.

સબ રજીસ્ટ્રાર :

મોજે ગામ : ભીમરાડ, રેવન્યુ સર્વે નંબર : ૬૧/૧, **બ્લોક નંબર : ૧૩૬,** ટી.પી.સ્કીમ નંબર : ૪૩ (ભીમરાડ), ફાયનલ પ્લોટ નંબર : ૫૩, **ાા શિવાલીક કેન્ડલ ાા** માં **દુકાન / ફ્લેટ નંબર :** વાળી મિલકત.